ગુજરાતમિત્ર

# શો ટાઈમ

ગુરુવાર ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫





મોહમ્મદ રફી 101: યાદગાર ગાયકની અજાણી વાતો અને આદતો... Pg.2





ઘણી વાર થાય, શું હું ખોટી જગ્યાએ છું? : અનન્યા પાંડે Pg.4


# ભારી નહીં... ભારે છે આ ગ્રહોની માયાજાળ!



બોલિવૂડમાં નસીબ, તકદીર, કિસ્મત, લક, ભાગ્ય, મુકદ્દર આ બધા ખાલી ફિલ્મનાં નામ નથી. આ એ વસ્તુ છે જેની પર પ્રોડ્યુસરથી લઈ કલાકાર સુધીનાં બધા જ લોકો ભરોસો કરે છે. એટલો ભરોસો કે જેની પાછળ દિલોજાનથી મહેનત કરી હોય તે ફિલ્મ બન્યા પછી તેને આ શબ્દોને હવાલે છોડી દે છે. ''મુંબઈ બે વસ્તુનાં ભરોસે છે એક લોકલ અને બીજુ લક...'' આ ડાયલોગ બોલિવૂડ માટે જ લખાયો હોય તેમ લાગશે જ્યારે તમે જાણશો કે એક ફિલ્મને હિટ કરાવવા કઈ રીતે ઈન્ડસ્ટ્રીનાં હીરો, સુપરહીરો શ્રદ્ધા કે અંધશ્રદ્ધાને આધારે કામ કરે છે.

આનું તાજું ઉદારણ બન્યું 2025 ડિસેમ્બરની છેલ્લી બનનારી ફિલ્મ ઈક્કીસ, જે હવે 2026ની પહેલી ફિલ્મ બનશે. અમિતાભ બચ્ચનનો પૌત્ર અગસ્ત્ય નંદા આ ફિલ્મમાં લીડ રોલ કરી રહ્યો હતો એ ફિલ્મ પોસ્ટપોન થઈ તે વિષે બચ્ચન સા'બે એક ટ્વિટ કર્યું - IKKIS पहले पच्चीस (25) को थी, अब होगी छब्बीस ('26) , पहली (1) को ; कुछ ज्योतिष विद्या वाले कहे, भाई ,शगुन है अच्छा, ("ઈક્કીસ' પહેલા 2025 માં રીલીઝ થવાની હતી, હવે તે 2026 માં રીલીઝ થશે. કેટલાક જ્યોતિષીઓએ કહ્યું, ભાઈ, આ તો શુભ શુકન છે...!')

એમ તો ઈક્કિસના પોસ્ટપોન થવાનું દેખીતું કારણ બધા જાણે જ છે ઈક્કીસની રિલીઝ ધુરંધર અને અવતારઃ ફાયર એન્ડ એશિઝની રિલીઝ થવાને કારણે મુલતવી રાખવામાં આવી હશે પણ આના કારણે ટોક ઓફ ધી ટાઉન થઈ રહી છે ફિલ્મના સિતારા અને તેમના ભાગ્યનાં ગ્રહોની ચાલ ક્યારેક સ્ક્રિપ્ટ કરતાં કુંડળી પર વધુ ભારે પડે છે. ક્યારેક ફિલ્મનું ભવિષ્ય ટ્રેલરથી નહીં પણ પંડિતજીના પંચાંગથી નક્કી થાય છે. આપણે સાંભળ્યું હશે કે ફિલ્મ "ટેક્નિકલ કારણોસર"કે "માર્કેટ સ્ટ્રેટેજી"કે પછી અચાનક તબિયત ખરાબ થવાને કારણે પોસ્ટપોન થઈ પણ ઈન્ડસ્ટ્રીને નજીકથી જાણનારા સૌને ખબર છે એ ફિલ્મના સિતારાનાં ગ્રહોની દશા સારી નથી..

એમ તો ગ્રહોની ચાલ પર સ્ટાર કરતા સુપરસ્ટાર્સની નજર વધારે હોય છે. આપણા ત્રણેય ખાન આ બાબતે ખાસ ધ્યાન રાખે છે. કિંગ ખાન શાહરુખની એક્ટિંગમાં ભલે દમ છે પણ ગ્રહોની ચાલ જોઈ જ પોતે બાજી રમે છે. જબ તક હૈ જાનની રિલીઝ ડેટ પણ એટલી જ ગણતરીપૂર્વક પસંદ કરાઈ હતી. 13-11-2012 જે દિવાળીની રજા ઉપરાંત ન્યૂમરોલોજીકલી ખૂબ "પરફેક્ટ"તારીખ બને છે. સન ઓફ સરદાર સાથે ક્લેશ હોવા છતાં તેની તારીખ બદલવામાં આવી નહીં. પછી ભલે તેની બેસ્ટ ફ્રેન્ડ કાજોલ સાથે સંબંધ બગાડતા.. અને આમ કરવામાં શાહરૂખને બોક્સ ઓફિસ કરતાં ભાગ્ય પર વધુ વિશ્વાસ હતો. શાહરુખ પહેલાથી 555 ને ખૂબ લકી માને છે. તેની બધી જ કરોડોની કારની નંબર પ્લેટ 555 જ છે. તો દિવાળીને શાહરુખ લકી તહેવાર માને છે. અંધશ્રદ્ધાળુ ન લાગતો આમિર અન્ય સેલિબ્રિટીઓથી થોડો અલગ છે. આમિર માને છે કે ડિસેમ્બર અને ક્રિસમસ તેના માટે લકી છે, 2007 માં તારે ઝમીન પર સાથે આ પરંપરા ચાલુ કરી હતી બાદમાં ગજની, 3 ઈડિયટ્સ અને ધૂમ 3 આવી. પીકે પણ આવી જ રીતે રિલીઝ કરાવડાવી અને આમ ક્રિસ્મસને આમિરે પોતાની માટે બુક કરી. ઈદ ભાઈજાન સલમાનની મનગમતી છે. એટલે જ અનેક વખત ફિલ્મોની પ્લાન કરેલી તારીખો છોડીને ઈદ આસપાસ રિલીઝ ફિક્સ કરવામાં આવી છે. જેમ કે સુલતાન, બજરંગી ભાઈજાન, દબંગ, કિસીકા ભાઈ કિસી કી જાન અને છેલ્લે આવેલી સિકંદર પણ. જોકે સલમાનનું નસીબ હવે ઈદમાં પણ સાથ નથી આપી રહ્યું.

ખાલી કલાકાર જ આવું કરે તેમ નથી ડિરેક્ટર્સ પણ આવી બાબતોમાં માને છે. સંજય લીલા ભણસાલીનું નામ આમાં મોખરે છે. પદ્માવત બાબતે ભલે એવું લાગતું હોય કે તે વિવાદને કારણે પોસ્ટપોન કરાઈ હતી પણ અસલમાં તે ગ્રહોની રાહ જોતાં-હતા. 'રામ-લીલા'ની રિલીઝ તારીખ પણ મુહૂર્ત જોઈને ફાઈનલ કરવામાં આવી હતી. ભણસાલી માને છે કે ફિલ્મની "સફળતા"તેના રિલીઝ સાથે જ નક્કી થઈ જાય છે અને એ સફળતા ગ્રહોથી જોડાયેલી છે. આવી જ રીતે બ્રહ્માસ્ત્ર માટે પણ કિસ્સો છે. જે વારંવાર બદલાતી રિલીઝ તારીખો માટે ચર્ચામાં રહી હતી. 2019થી 2020 બાદમાં 2021 આખરે 2022 માં આ ફિલ્મ રિલીઝ થઈ હતી. આ લેટ થવાનું ઓફિશ્યલ કારણ VFX કે કોરોના મહામારી જણાવાતું હોય પરંતુ ઈન્ડસ્ટ્રી ગોસિપ અનુસાર, "શનિ દશા"અને "રાહુ કાળ"જેવા કારણોસર કેટલીક તારીખો બદલવામાં આવી હતી.

## જાણી લો... ગ્રહોની ચાલ પર ચાલતા સિતારાઓ અને ફિલ્મને હિટ કરાવતા ટોટકાઓની વાતો

**ટોક ઓફ ધી ટાઉન**

આ બધામાં અનુરાગ બાસુની ફિલ્મને તારીખ સાથે લેવા દેવા નથી પણ સફળ કરવડાવવા એક ટોટકો કર્યો . ફિલ્મનું નામ Barfi થી "Barfi!" થયું એક ઉદ્ગાર ચિન્હ ઉમેરાયુ. એક ન્યુમરોલોજિસ્ટના કહેવા પ્રમાણે આ ફેરફાર કર્યો અને સાચે જ ચમત્કાર થયો. આવા નામને બદલવાના શોખીન તો મોટાભાગના સ્ટાર્સ છે... કેટલાયે લોકોએ પોતાના નામ, સ્પેલિંગ, અક્ષર, સિગ્નેચરને સફળતા મેળવવા ચેન્જ કર્યા છે. તેના તાજા ઉદાહરણોમાં જેના પિતા એક જાણીતા જ્યોતિષી હતા તે આયુષ્માને વધારાનો N અને R ઉમેર્યા, નુશરતે પણ N ઉમેર્યો, રાજકુમાર યાદવમાંથી 'રાવ' બન્યો. એક પછી એક ફ્લોપ ફિલ્મો આપ્યા પછી, વરુણ ધવન હવે પોતાનું નામ VarunDhanwan સ્પેસ રાખ્યા વગર લખે છે. બોલિવૂડના જાણીતા જ્યોતિષીઓ બધા તાલ-મેલના ખેલ પાછળ જાણીતા છે. જેમાં બૈજાન દારૂવાલા સૌથી લોકપ્રિય નામ છે. તે અમિતાભ બચ્ચનથી લઈને અનેક રાજકારણીઓના સલાહકાર છે. તો અજય દેવગણ, એકતા કપૂર, શિલ્પા, કરણ જેવા લોકો સંજય જુમાની પાસે સલાહ લે છે, જનારદન પાંડે તો ફિલ્મી જગતમાં ખાસ કરીને રિલીઝ મહુર્ત માટે સલાહ આપે છે. તમને સવાલ થાય કે આજે OTT, ડેટા એનાલિસી, એડવાન્સ માર્કેટિંગના યુગમાં પણ બોલીવૂડમાં પંડિત અને પંચાંગ એટલું જ મહત્વ કેમ છે? સાદું કારણ એ જ કે એક ફિલ્મ એટલે કરોડોનો દાવ, જુગાર જ છે. આ કરોડોના દાવ વચ્ચે મેકર્સ "સહારા"તરીકે ગ્રહોની ચાલ પાછળ ચાલે છે જેથી ફિલ્મ ફ્લોપ થાય તો સ્ક્રિપ્ટ, સ્ટાર્સ સાથે ગ્રહોને પણ દોષિત કહી શકાય. ●


# 1300 છોકરીઓ સારા સામે ખરાબ સાબિત થઈ



**ઈનસાઈડ સ્ટોરી**

ટીવીમાં બાળ કલાકાર તરીકે દેખાતી સારા અર્જુન થિયેટરમાં દેખાતી થઈ તે સફર બધા માટે ચર્ચાનો વિષય બની હતી. પોતાનાંથી મોટી ઉંમરના સ્ટાર સામે કાસ્ટ થઈ તે માટે જ્યારે લોકોએ ફિલ્મ પણ નહોતી જોઈ ત્યારે ઘણો વિરોધ કર્યો હતો. પણ ધુરંધરની સક્સેસ અને સારાની ઍક્ટિંગે આ તમામના મોઢા બંધ કરી દીધા હતા. આ ફિલ્મમાં રણવીરની હિરોઈન તરીકે તેનાથી 20 વર્ષ નાની સારા વચ્ચે આટલો બધો વયનો તફાવત હોવા છતાં ફિલ્મની વાર્તા પ્રમાણે તેમની જોડી સારી લાગે છે. આ ફિલ્મનું કાસ્ટિંગ બહુ સમજી વિચારીને કરવામાં આવ્યું છે. એના કારણે કાસ્ટિંગ-ડિરેક્ટરની ખાસ પ્રશંસા થઈ રહી છે. સારા અર્જુને બહુ નાની ઉંમરે કેમેરા સામે કામ ચાલુ કર્યુ છે. એમ તો બોલિવૂડમાં બાળ કલાકાર તરીકે સફળતા મેળવનાર ઘણા નામો સમય જતાં ગાયબ થઈ જાય છે. પરંતુ સારા એમ ગાયબ થાય તેમ લાગતું નથી. "ધુરંધર" એક એવી ફિલ્મ છે જેમાં સ્ટાર કાસ્ટની ભરમાર હતી. પ્રોડક્શન ટીમને એવી એક્ટ્રેસ જોઈતી હતી જે નાજુક, ઈમોશનલ અને સ્ટ્રોંગ એકસાથે લાગી શકે. આની શોધમાં સારાનો નંબર લાગ્યો. કઈ રીતે? તે વાત ફિલ્મના કાસ્ટિંગ-ડિરેક્ટર મુકેશ છાબડાએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે 'મેં અને આદિત્યએ કાસ્ટ ફાઈનલ કરવા માટે લગભગ દોઢ વર્ષનો સમય લીધો. શરૂઆતમાં તેમણે એવા કલાકારો પર વિચાર કર્યો જેમણે OTT પ્લૅટફૉર્મ પર પોતાના કામથી મજબૂત છાપ છોડી હતી. દરેક કાસ્ટિંગ સાથે અમે ઘણો સમય એ વિચારવામાં વિતાવ્યો કે અર્જુન, માધવન, સંજુ બાબા કે અક્ષય રોલ માટે યોગ્ય રહેશે કે નહીં. દરરોજ હું અને આદિત્ય બેથી ચાર કલાક બેઠા રહીને નામો પર ચર્ચા કરતા, વાદવિવાદ કરતા અને વાતચીત કરતા. રણવીર પહેલેથી જ આ પ્રોજેક્ટ સાથે જોડાયેલો હતો. ફિલ્મમાં લીડ ઍક્ટ્રેસ માટે 1300 યુવતીઓનાં ઑડિશન લેવાયાં હતાં અને એમાંથી આખરે સારા અર્જુનની પસંદગી કરવામાં આવી હતી.' સિલેક્શન દરમ્યાન સારાએ ઓડિશનમાં લાંબી વર્કશોપ કરી, કેરેક્ટરના સાઈકોલોજિકલ લેયર્સ પર કામ કર્યું, એક્શન અને ઈમોશન બન્ને માટે તૈયારી બતાવી અને આમ 19 વર્ષની સારા 1300 લોકોમાં બાજી મારી ગઈ. ●

# ર'કુલ' ફેસનો રાઝ શું છે?



**કોન્ટ્રોવર્સી**

સ્ક્રિન પર દેખાતા સ્ટાર્સ અને તેમના લૂકનો સતત ઓનલાઈન ટેસ્ટ ચાલતો રહે છે. થોડો પણ બદલાવ આવે તો સર્જરી, પ્રેગ્નન્સી, કે ફિલ્મ લૂક જેવા ટેગ લગાવી યુઝર્સ તેમના બોડી અને લૂકમાં આવેલા બદલાવમાં સારું લાગે તો સારું અને ખરાબ લાગે તો વધારે ખરાબ કોમેન્ટ યુઝર્સ કરતા રહે છે. હમણાં રકુલ પ્રીત સિંહ આ કિસ્સાનું તાજું ઉદાહરણ બની છે. તેના લૂકમાં આવેલા બદલાવને કારણે લોકો તેની ખૂબ ચર્ચા કરી રહ્યા છે. ત્યારે ઈન્ટરનેટ પર એક ડૉકટર જે પોતે પ્લાસ્ટિક અને કોસ્મેટિક સર્જન હોવાનો દાવો કરે છે તેણે એવું કહ્યું કે રકુલે પોતાની ફેસસર્જરી તેમની પાસે કરાવી છે, જેના કારણે તેના લૂકમાં ભારે ફેરફાર થયો છે. આ વીડિયોમાં તે ડોક્ટરે દાવો કર્યો હતો કે રકુલ તેના ફેસ સ્ટ્રક્ચર માટે ફિલર્સ અને બોટોક્સ કરાવતી હતી અને એવો પણ આરોપ લગાવ્યો હતો કે તેના નાકનું ઓપરેશન પણ કરાવ્યું છે. આ વાંચી ગુલાબીમાંથી લાલ થયેલી રકુલે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરી અને લખ્યું, "સ્કેમ એલર્ટઃ આમના જેવા લોકો પોતે ડોક્ટર હોવાનો દાવો કરી, કોઈ પણ ફેકટચેક કર્યા વગર આવી વાતો કરી રહ્યા છે અને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે." રકુલે આગળ શેર કર્યું કે કલાકાર હોવાને કારણે પોતાના દેખાવ માટે લોકો સર્જરી કે મેડિકલ ટ્રીટમેન્ટ લેતા હોય છે. મને તેમની સામે કઈ વાંધો નથી પણ વેઈટ લૉસ નામની વસ્તુ પણ હોય છે જેને માટે ખૂબ મહેનત કરવી પડે છે. આવા 'ડોક્ટરો'થી સાવધાન રહો." એટલે અહીં તો રકુલે પ્લાસ્ટિક સર્જરી કરાવવાના દાવાઓને ઈન્ડાયરેક્ટ્લી ફગાવી દીધા છે. પણ મગનું નામ મરી નથી પડ્યું પણ આપણે માની લઈએ કે રકુલના લૂક પાછળ ડાયટિંગ જ જવાબદાર હશે. પણ હવે વેઈટ લોસ માટે આટલી મહેનત કર્યા પછી રકુલને સારી ફિલ્મ મળે તો ઈન્ડસ્ટ્રીયમાં તેનું વજન વધે.. ●